


**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# આઝાદનો અનોખો ઉત્સવ

વારતા રે વારતા

ગુજરાતના એક નાના પણ સુંદર ગામ 'રતનપુરમાં' આર્યન નામનો એક બુદ્ધિશાળી અને ઉત્સાહી છોકરો રહેતો હતો. આર્યનને તેના દાદાજી રોજ રાત્રે શહીદો અને ક્રાંતિકારીઓની વાતો કહેતા, તેથી આખું ગામ તેને વહાલથી 'આઝાદ' કહીને બોલાવતું. ૨૬મી જાન્યુઆરીનો દિવસ આઝાદ માટે વર્ષનો સૌથી પ્રિય દિવસ હતો.

**પ્રભાતની તૈયારી**

૨૬મી જાન્યુઆરીની એ વહેલી સવાર હતી. હવામાં થોડી ઠંડક હતી, પણ આઝાદના હૈયામાં દેશભક્તિની ગરમી હતી. સૂરજ હજુ તો ક્ષિતિજ પર ડોકિયું કરતો હતો ત્યાં જ આઝાદ તૈયાર થઈ ગયો. તેણે ઈસ્ત્રી કરેલા સફેદ કપડાં પહેર્યા હતા અને ખિસ્સા પર નાનકડો ત્રિરંગો લગાવ્યો હતો. તેના મનમાં રાષ્ટ્રગીતની ધૂન ગુંજી રહી હતી. તેના દાદાજીએ તેને આશીર્વાદ આપતા કહ્યું, "બેટા, આજે આપણો દેશ 'પ્રજાસત્તાક' બન્યો હતો. એનો અર્થ એ કે હવે દેશની જવાબદારી આપણા સૌના હાથમાં છે. આજે ધ્વજવંદન કરીને માત્ર ઘરે પાછો ન આવતો, પણ દેશ માટે કંઈક કરવાનું વચન લઈને આવજે." આઝાદે માથું નમાવી દાદાની વાત સ્વીકારી અને હાથમાં મોટો ત્રિરંગો લઈ શાળા તરફ ડગ માંડ્યા.

**રસ્તાનો અનુભવ**

શાળાએ જતાં રસ્તામાં આઝાદે જોયું કે આખું ગામ શણગારાયેલું હતું, પણ એક દ્રશ્ય જોઈને તેને થોડો આઘાત લાગ્યો. ગામના ચોરા પાસે ગત રાત્રિના જમણવારનો એંઠો કચરો અને પ્લાસ્ટિકની થેલીઓ પવનમાં ઉડી રહી હતી. લોકો ત્યાંથી પસાર થતા હતા, પણ કોઈ તેને સાફ કરવા તૈયાર નહોતું. આઝાદે વિચાર્યું, "શું આપણે દેશને માત્ર નકશા પર જ પ્રેમ કરીએ છીએ? જમીન પર કેમ નહીં?" પરંતુ તેને શાળાએ પહોંચવામાં મોડું થતું હતું એટલે તે ઉતાવળે આગળ વધ્યો.

**શાળામાં ઉત્સવ અને મંથન**

શાળામાં વાતાવરણ ખૂબ જ ભવ્ય હતું. મુખ્ય શિક્ષકે ધ્વજ ફરકાવ્યો અને હવામાં કેસરી, સફેદ અને લીલો રંગ લહેરાયો. 'જન ગણ મન'ના સૂર ગુંજ્યા અને આખું મેદાન "ભારત માતા કી જય" ના નારાથી ગાજી ઉઠ્યું. ધ્વજવંદન બાદ આચાર્યશ્રીએ પ્રવચન આપ્યું. તેમણે કહ્યું, "મિત્રો, ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે આપણું બંધારણ અમલમાં આવ્યું. બંધારણ આપણને હક આપે છે, પણ સાથે કેટલીક ફરજો પણ આપે છે. સાચો દેશભક્ત એ નથી જે માત્ર યુદ્ધના મેદાનમાં લડે, પણ એ છે જે પોતાના દેશને ગંદકી, ભ્રષ્ટાચાર અને અજ્ઞાનતાથી મુક્ત કરે." આ શબ્દો આઝાદના કાનમાં પડઘાવા લાગ્યા. તેને રસ્તામાં જોયેલો કચરો યાદ આવ્યો. કાર્યક્રમ પૂરો થયો અને બધા બાળકોને બુંદીના લાડુ અને ચોકલેટ વહેંચવામાં આવી. આનંદમાં આવી ગયેલા કેટલાક બાળકોએ લાડુ ખાઈને તેના કાગળ મેદાનમાં જ ફેંકવા માંડ્યા.

**આઝાદનો સત્યાગ્રહ**

આઝાદથી આ સહન ન થયું. તે શાંતિથી મેદાનની વચ્ચે ગયો અને એક-એક કાગળ વીણવા લાગ્યો. તેના મિત્રો રોહન અને સોહમે તેને પૂછ્યું, "અરે આઝાદ! આજે તહેવાર છે, તું આ શું કચરો વીણે છે? ચાલ આપણે રમવા જઈએ." આઝાદે મક્કમતાથી જવાબ આપ્યો, "ભાઈ, હમણાં જ આપણે જે ધ્વજ નીચે સલામી આપી, એ જ ધ્વજ નીચે ગંદકી કેવી રીતે કરાય? જો હું મારા ઘરને સાફ રાખતો હોઉં, તો આ શાળા અને આ દેશ પણ મારું જ ઘર છે ને? આઝાદી એટલે ગમે ત્યાં ગંદકી કરવાની છૂટ નહીં, પણ જવાબદારીપૂર્વક જીવવાની આઝાદી." તેની વાતોમાં એટલી સચ્ચાઈ હતી કે હસતા મિત્રોના ચહેરા ગંભીર થઈ ગયા. રોહન અને સોહમે પણ આઝાદને સાથ આપ્યો. જોતજોતામાં આખી શાળાના બાળકો જોડાઈ ગયા. પાંચ જ મિનિટમાં શાળાનું મેદાન કાચ જેવું ચોખ્ખું થઈ ગયું. આ દ્રશ્ય જોઈને આચાર્યશ્રીની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા.

**ગામમાં પરિવર્તન**

શાળાથી છૂટીને આઝાદ ઘરે ન ગયો. તેણે પોતાના મિત્રોની ટોળી બનાવી અને ગામના ચોરા પાસે પહોંચ્યો જ્યાં સવારે કચરો જોયો હતો. બાળકોને કચરો સાફ કરતા જોઈ ગામના વડીલો અને યુવાનો પણ શરમાઈ ગયા. તેઓ પણ હાથમાં સાવરણા લઈને આવી પહોંચ્યા. સાંજ સુધીમાં તો આખું ગામ ઝળહળી ઉઠ્યું.

# પાણીની બોટલ ખરીદતા પહેલા ઢાંકણનો રંગ જરૂર જોજો, કલર નક્કી કરે છે કે પાણી કેટલું શુદ્ધ!

અજબ ગજબ

મોટાભાગના લોકો પાણીની બોટલ ડિઝાઈન જોઈને લેતા હોય છે, પરંતુ હકીકતમાં પાણીની બોટલના ઢાંકણનો રંગ નક્કી કરે છે કે, આ પાણી કેવી છે? તમે અલગ-અલગ કલરની બોટલના ઢાંકણાનો રંગ જોયો હશે, જેમ કે સફેદ, વાદળી, લીલો કે કાળો...દરેક રંગનો એક ચોક્કસ અર્થ હોય છે જે તમારી તંદુરસ્તી સાથે સીધો જોડાયેલો છે.

જો તમે જે પાણીની બોટલ ખરીદી છે તેનું ઢાંકણ સફેદ રંગનું છે, તો તેનો અર્થ એ છે કે તે 'પ્રોસેસ્ડ ડ્રિંકિંગ વોટર' છે. આ પાણી નળ કે અન્ય કોઈ સ્ત્રોતમાંથી લેવામાં આવે છે અને ત્યારબાદ તેને ફેક્ટરીમાં ઘણી બધી શુદ્ધિકરણ પ્રક્રિયાઓ જેવી કે રિવર્સ ઓસ્મોસિસ (RO), ડિસઇન્ફેક્શન અને ફિલ્ટરેશનમાંથી પસાર કરવામાં આવે છે. આ પ્રોસેસથી પાણીમાંથી અશુદ્ધિઓ દૂર કરવામાં આવે છે અને તેને પીવાલાયક બનાવવામાં આવે છે. મોટાભાગની લોકલ અને સસ્તી બ્રાન્ડ્સ સફેદ કેપનો ઉપયોગ કરે છે.



સૌથી વધુ જોવા મળતી વાદળી રંગના ઢાંકણાવાળી બોટલનો અર્થ છે 'સ્પ્રિંગ વોટર' અથવા 'નેચરલ મિનરલ વોટર'. આ પાણી પહાડો, કુદરતી ઝરણાં અથવા ભૂગર્ભ સ્ત્રોતોમાંથી સીધું મેળવવામાં આવે છે. આ પાણીની ખાસિયત એ છે કે, તેમાં કુદરતી રીતે જ મિનરલ્સ રહેલા હોય છે. તેને શુદ્ધ કરવા માટે ખૂબ જ ઓછી રાસાયણિક પ્રક્રિયા કરવામાં આવે છે જેથી તેના કુદરતી ગુણો જળવાઈ રહે. આ કારણે જ વાદળી કેપ વાળી પાણીની બોટલો સામાન્ય બોટલ કરતા થોડી મોંઘી હોય છે. જો બોટલનું ઢાંકણ લીલા રંગનું હોય, તો તેનો અર્થ એ છે કે, આ પાણીમાં વધારાના સ્વાદ અથવા વિટામિન્સ ઉમેરવામાં આવ્યા છે. ઘણીવાર સ્પોર્ટ્સ ડ્રિંક્સ અથવા હેલ્થ વોટર બોટલ્સમાં લીલી કેપ જોવા મળે છે. તેમાં લીંબુ, ફુદીનો કે અન્ય કોઈ ફ્લેવર હોઈ શકે છે. આ પાણી સાદા પાણી કરતા અલગ હોય છે અને તેમાં કેલરી અથવા સુગરનું પ્રમાણ પણ હોઈ શકે છે.\ છેલ્લા કેટલાક સમયથી સેલિબ્રિટીઝમાં 'બ્લેક વોટર' કે કાળી ઢાંકણાવાળી બોટલનો ક્રેઝ વધ્યો છે. કાળું ઢાંકણું સૂચવે છે કે, તે 'આલ્કલાઇન વોટર' છે. આ પાણીનો pH લેવલ સામાન્ય પાણી કરતા વધુ હોય છે અને, તેમાં એન્ટી-ઓક્સિડન્ટ્સ ભરપૂર હોય છે. તે શરીરના મેટાબોલિઝમને સુધારવા અને એસિડિટી ઘટાડવા માટે ઉત્તમ માનવામાં આવે છે. આ બોટલ્સ ઘણી મોંઘી હોય છે.

## હેપ્પી બર્થડે



નામ : દિશા પટેલ
માતા : એકતા પટેલ



નામ : મિશા કુંજ દેસાઈ
માતા : ધ્વનિ કુંજ દેસાઈ

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q 1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 4 | | 6 | | 8 | = | 10 |
| 2) | 3 | | 1 | | 5 | | 2 | = | 10 |
| 3) | 4 | | 3 | | 2 | | 1 | = | 10 |

### CHANGE THE WORD

Q 2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| T | O | E |
| | | |
| | | |
| S | U | N |

### CHHOTA SUDOKU

Q 3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | 5 | |
| | 2 | |
| | 8 | |

(વર્તુળો: 12, 19, 18, 25)

### BROKEN WORDS

Q 4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને કોર્ટને સંબંધિત 7 શબ્દોના નામ બનાવો.

| | | | |
|---|---|---|---|
| BR | CA | PE | NV |
| AW | ICT | BE | URT |
| SE | AP | CO | IEF |
| NCH | CO | ARD | AL |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 4 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 1 |

**જવાબ**

1. CASE
2. AWARD
3. BENCH
4. BRIEF
5. COURT
6. APPEAL
7. CONVICT

### જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | × | 4 | − | 6 | + | 8 | = | 10 |
| 2) | 3 | + | 1 | × | 5 | ÷ | 2 | = | 10 |
| 3) | 4 | × | 3 | − | 2 | × | 1 | = | 10 |

Q 2

| | | |
|---|---|---|
| T | O | E |
| T | O | N |
| S | O | N |
| S | U | N |

Q 3

| | | |
|---|---|---|
| 4 | 5 | 3 |
| 1 | 2 | 9 |
| 7 | 8 | 6 |

(વર્તુળો: 12, 19, 18, 25)

## શબ્દો શોધો

HAPPY REPUBLIC DAY

26th January Word Hunt

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| j | s | r | t | u | f | l | a | g | e | w | c |
| a | x | e | o | r | d | h | k | i | q | v | o |
| n | v | p | a | r | a | d | e | y | k | m | n |
| u | y | u | k | w | z | t | v | x | d | l | s |
| a | q | b | r | i | t | i | s | h | m | v | t |
| r | z | l | t | n | e | l | h | x | p | k | i |
| y | h | i | g | d | a | w | k | m | e | u | t |
| w | u | c | u | i | g | h | l | s | a | l | u |
| l | d | b | r | a | v | e | r | y | c | w | t |
| g | e | s | q | n | l | b | x | d | o | g | i |
| k | x | h | l | t | m | k | g | q | c | s | o |
| a | m | b | e | d | k | a | r | z | k | u | n |

Parade British Constitution Republic Flag
Bravery Indian Peacock Ambedkar January